ગાંધીનગર સમાચાર
તા. ૧૮-૭-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હીમાં ભાજપ સરકાર રચવાના ભણકારા

દિલ્હીના નગરરાજયને અન્ય રાજયો જેવા પૂર્ણ કક્ષાના રાજયનો દરજ્જો પ્રાપ્ત થયેલ ન હોઈ એના બંધારણીય વડાને રાજયપાલ નહીં પરંતુ 'ઉપરાજયપાલ' - લેફ્ટેનંટ ગવર્નર તરીકે ઓળખવામાં આવે છે. આ ઉપરાજયપાલના નિવાસસ્થાન માટે પણ 'રાજભવન'ને બદલે 'રાજનિવાસ' જેવું નામકરણ વપરાય છે. જૂની દિલ્હી ખાતે કાશ્મીરી ગેટ પાસે આપણા ગુજરાતીઓનાં પ્રિય ઉતારા સમા 'ગુજરાતી સમાજ'થી આ સરકારી ઈમારત વોકિંગ ડિસ્ટંસ પર આવેલું છે. દિલ્હીના ઉપરાજયપાલ નજીબ જંગ બદલાયેલાં રાજદ્વારી સમીકરણો વચ્ચે એમની ખુરશી બાચવી શક્યા છે. એનો અર્થ એ થાય કે તેઓ એટલા તટસ્થ છે જેથી ભાજપની કેન્દ્ર સરકાર પણ એમને સ્વીકારી શકી છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એમની મુલાકાત માગી હોવા છતાં ઉપરાજયપાલશ્રીએ એમને દાદ આપી નથી. અર્થાત્ દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસનનો કાર્યકાળ સમાપ્ત થવાની અણી ઉપર છે ત્યારે તેઓ નવી લોકપ્રિય સરકાર રચી શકાય તો રચી દેવા ઉત્સુક છે. એ માટે તેઓ કોઈ પણ ક્ષણે ભારતીય જનતા પાર્ટીની દિલ્હી એકમના વડાને નિમંત્રિત કરી શકે એમ છે. અરવિંદ કેજરીવાલ ભાજપને સરકાર રચવાનું આમંત્રણ આપતાં પહેલાં ઉપરાજયપાલશ્રી એમની પાસેથી સભ્યોની યાદી માગી લે અને તે જાહેર કરે એવી માગણી કરી રહ્યા છે. ગત લોકસભાની ચૂંટણીમાં દિલ્હીમાં સૌથી વધુ લોકપ્પરિય અને બિનવિવાદાસ્પદ ભારતીય જનતા પાર્ટીના નેતા ડૉ. હર્ષવર્ધનને પ્રદેશ અધ્યક્ષનું સુકાન સોંપાયું હતું અને હમણાં તેઓ મોદી સરકારમાં આરોગ્યમંત્રી તરીકેની ફરજ બજાવી રહ્યા છે. દિલ્હી રાજયસભાની ચૂંટણી પણ પાર્ટી ડૉ. હર્ષવર્ધનના નેજા હેઠળ જ લડી હતી પંતુ કમનસીબે સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે બત્રીસ બેઠકો જીતી શકેલી પાર્ટી બહુમતીથી વેંત છેટી રહી જવા પામી હતી. દિલ્હીના મુખ્યમંત્રીપદની તમામ લાયકાતો ધરાવતા સૌમ્ય-સ્વચ્છ પ્રતિભા ધરાવતા તબીબ નેતાએ ખરીદવેચાણનું રાજકારણ કરવા કરતાં વિરોધપક્ષે બેસવાનું ઉચિત લેખ્યું હતું. કેન્દ્રના વરિષ્ઠ નેતાઓ પણ ત્યારે ઈમેજ બચાવવા ખાતર દિલ્હી જેવા નાનકડાં રજવાડાની સંભવિત સત્તા જતી કરવા તૈયાર થઈ ગયા હતા. નહીંતર ૭૦ ધારાસભ્યોવાળા દિલ્હીના શાસનતંત્રમાં ભાજપ માટે ત્રણ-ચાર ધારાસભ્યોને ફોડી લાવવાનું અઘરું નહોતું. બલકે તે વખતે પાર્ટી દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી પોતે ગુજરાત સહિત દેશભરમાં કોંગ્રેસી સાંસદો અને ધારાસભ્યોને પક્ષપલટો કરાવી ભાજપમાં સામેલ કરવાની પ્રવૃત્તિ ઉઘાડેછોગ ચલાવી રહ્યા હતા. દિલ્હી વિધાનસભામાં સૌથી મોટા રાજકીય જૂથ તરીકે ચૂંટાયા છતાં આદર્શો અને નીતિમત્તાનાં ઉચ્ચ ધોરણોને વળગી રહેવાનો દેખાવ કરનાર ભારતીય જનતા પાર્ટીએ તે વખતે કોંગ્રેસના ટેકાથી ૨૮ ધારાસભ્યો સાથે બીજા નંબરે ચૂંટાયેલ આમ આદમી પાર્ટીની સરકાર બનાવી દીધી હતી. કેજરીવાલની વધુ પડતી મહત્ત્વકાંક્ષા અને અણઆવડતને કારણે એમને કોંગ્રેસનું સમર્થન ગુમાવવું પડ્યું હતું. ત્યારથી ચાલતા રાષ્ટ્રપતિ શાસનની ઘડીઓ ગણાઈ રહી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીના નેતાઓ દિલ્હીમાં સરકાર બનાવવાની શક્યતા ચકાસી રહ્યા છે. હકીકતમાં કોઈ પણ ધારાસભ્ય એક વાર ચૂંટાઈ ગયા પછી થોડાક જ મહિનામાં નવી ચૂંટણી લડવા તૈયાર નથી. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ પણ જાણે છે કે ફરીથી ચૂંટણી થાય તો પરિણામો મહદંશે કેન્દ્રમાં સત્તાસ્થાને રહેલી ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં જ આવે. સામે પક્ષે ભાજપના સ્થાનિક નેતાઓને એ વાતનો ભય છે કે મોટી મોટી ડંફાસો માર્યા પછી પાર્ટીની સરકાર સવા દોઢ મહિનામાં કશું જ બદલી શકી નથી. વીજળી, પાણી અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની મોંઘવારી જેવા પ્રશ્નો યથાવત જ રહ્યા છે બલકે વકર્યા છે. આથી ચૂંટણીમાં કદાચ ફરી વાર કેજરીવાલ તરફ વળે તો બાંધી મૂઠી ઊઘડી જાય, એ કરતાં કોંગ્રેસ કે 'આપ' પાર્ટીના ધારાસભ્યોને હાથ પર લઈ સરકાર બનાવી દેવામાં જ શાણપણ છે. એથી પ્રજામાં થોડી ચણભણ જરૂર થશે, નૈતિક મૂલ્યો નેવે મૂક્યાનો આક્ષેપ પણ થશે, પરંતુ આખરે ઘીના ઠામમાં ઘી પડ્યું રહેશે. એવરીથિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વોર ('વોર'ની જગ્યાએ 'પોલિટિક્સ' વાંચવું) અરવિંદ કેજરીવાલે અને મનીષ સિસોદિયા તથા આશુતોષ જેવા એમના સાથીદારોએ ભાજપ અને ઉપરાજયપાલ-બેઉ સામે નિવેદનબાજી શરૂ કરી દીધી છે. બત્રીસમાંથી ઓગણત્રીસના આંકડે આવી ગયેલી ભારતીય જનતા પાર્ટી વિધાનસભાગૃહમાં બહુમતી કયાંથી લાવશે? આ સવાલનો જવાબ આમ તો સાવ સહેલો છે. કોંગ્રેસ અને આપ - બેઉ પાસેથી ખૂટતી સભ્યસંખ્યા ખરીદી લેવાની જોગવાઈ વર્તમાન સ્થિતિમાં ભાજપ માટે ડાબા હાથનો ખેલ છે. રાજનાથસિંહ ભલે કહેતા ફરે કે ભારતીય જનતા પાર્ટી 'ખરીદવેચાણ'ના રાજકારણમાં નથી માનતી. હકીકત એથી તદ્દન ઊલટી છે. ભાજપ અને કોંગ્રેસ બદલે દેશના તમામ રાજકીય પક્ષો આ મુદ્દે એક જ માળાનાં મળકા છે. કોંગ્રેસી સભ્યો કદાચ ન પણ જાય, પરંતુ 'આપ'માં તો પહેલાંથી જ યાદવાસ્થળી જામેલી છે. વિનોદકુમાર બિન્ની જેવા સાતેક બળવાખોરો જુદો ચોકો માંડીને ભાજપને ટેકો આપી શકે. તેઓ ધારાસભ્ય તરીકે રાજીનામું આપીને ભાજપને ગૃહમાં બહુમતી મેળવવા મદદરૂપ બની શકે અને પછી ગુજરાતમાં બન્યું એમ એ જ બેઠકો પરથી ભાજપના ઉમેદવાર તરીતે ચૂંટાઈને વિધાનસભામાં પ્રવેશી શકે. દિલ્હીના ઉપરાજયપાલ, ભાજપના નેતાને સરકાર બનાવવાનું નોતરું પાઠવી કેન્દ્ર સરકારની ગુડબુકમાં રહી શકશે અને એ રીતે આપોઆપ કેજરીવાલના સવાલનો જવાબ મળી જશે. બંધારણને બચાવવા માટે થોડી કીમિયાગરી જ ખપે છે, જે ભાજપના મોદી અને અમિત શાહ જેવા નેતાઓને ગળથૂથીમાં મળેલી છે. આખરે ઉપરાજયપાલ માટે એમની ખુરશી પણ બચાવવી એટલી જ અગત્યની બાબત છે!

# રાજ્યમાં યુવા પ્રતિભા શોધ માટે ૧૦૦૦ રમતવીરોને વૈજ્ઞાનિક પ્રશિક્ષણ હેઠળ ઘનિષ્ઠ તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૧૭

રાજ્યમાં રમત ગમત પ્રવૃત્તિની સાથે કલા સંસ્કૃતિના વૈભવના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. રમતગમત, યુવા સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે અંદાજપત્રમાં રૂ. ૨૨૨ કરોડ તથા કલા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનું અંદાજપત્રની માંગણીઓની ચર્ચાના જવાબમાં રમતગમત રાજ્યમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ આજે વિધાનસભામાં જણાવ્યું હતું.

રાજયમંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે ખેલ મહાકુંભના માધ્યમથી રાજ્યમાં યુવા પ્રતિભા શોધ માટે બજેટમાં રૂ. ૬૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેલ મહાકુંભની પ્રત્યેક રમતમાં અગ્રીમ ૧૦૦૦ રમતવીરોને તારવીને વૈજ્ઞાનિક પ્રશિક્ષણના આધારે તેઓને વધુ ઘનિષ્ઠ તાલીમ માટે 'વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર'માં જોડવામાં આવશે. વડોદરા ખાતે માંજલપુર અને સમા માં વિશ્વકક્ષાના બે ખેલ સંકુલો ઉભા કરવામાં આવ્યા છે તેના માટે રાજ્ય સરકારે રૂ. ૧૦ કરોડની જોગવાઈ કરી છે. પાદરા તાલુકાના ચાકોરી ગામે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી માટે વૈશ્વિક સંકુલો સાથે આંતર માળખાકીય સુવિધા ધરાવતું કેમ્પસ ઉભું કરવાનો સરકારે નિર્ણય કર્યો છે. આ માટે રૂ. ૫ કરોડની બજેટમાં ફાળવણી કરવામાં આવી છે એટલું જ નહી કેન્દ્ર સરકાર દ્વારા યુ.જી.સી. સમવર્તી રૂ. ૫ કરોડની ગ્રાન્ટ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ખેલ સ્પર્ધાઓના આયોજન અને પ્રશિક્ષણ માટે ૧૯ જિલ્લાઓમાં જિલ્લાકક્ષાના ખેલ સંકુલ કાર્યરત છે. આગામી સમયમાં રાજકોટ, આણંદ, નવસારી અને પોરબંદર જિલ્લામાં ખેલ સંકુલો ઉભા કરવામાં આવનાર છે. તાલુકા કક્ષાએ ખેલ સુવિધા વિસ્તૃતિકરણ કાર્યક્રમ હેઠળ ખેલ સંકુલ ઉભા કરવા રૂ. ૧૦ કરોડ તથા સ્વામી વિવેકાનંદ સ્વાસ્થ્ય કેન્દ્રોમા ંચાલીસ કેન્દ્રોમાં રૂ. ૯ કરોડના ખર્ચે વિના મૂલ્યે જીમ સાધનો ઉપલબ્ધ કરાવાશે. શહેરી વિસ્તારોમાં ખેલકુદ આંતર માળખાકીય સુવિધાઓ સુદૃઢ કરવા રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

રાજ્યમાં યુવા અને કિશોર ખેલ પ્રતિભાઓને યોગ્ય તાલીમ મળી રહે તે માટે હોકીના રાષ્ટ્રીય સ્તરના ખેલ કોચ તરીકે પદ્મશ્રી ધનરાજ પિલ્લાઈની મેન્ટોર તરીકે પસંદગી કરવામાં આવી છે. જેઓ તાજેતરમાં રાજકોટ, મોડાસા, ગાંધીનગર ખાતે ટેલન્ટ હન્ટ માટે આવ્યા હતા.

# એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં ક્વીઝ કોમ્પિટીશન યોજાઈ




ગાંધીનગર, તા. ૧૭

એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં આજે તા. ૧૬મી જુલાઈ-૨૦૧૪ના રોજ ક્વિઝ કોમ્પિટીશન સુંદર રીતે યોજાઈ હતી. શાળાના યલો હાઉસ ગ્રીન હાઈસ, રેડ હાઉસ, બ્લ્યૂ હાઉસ અને ઓરેંજ હાઉસના ગ્રુપમાંથી ગ્રીન હાઉસે સૌથી વધુ ગુણ મેળવી વિજેતા ક્રમ હાંસલ કર્યો હતો.

આજે શાળા કેમ્પસમાં સવારે ક્વીઝ કોમ્પિટીશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બી.એડ. કોલેજના અધ્યાપક શ્રી થોમ્બા સર ખાસ હાજર રહ્યા હતા. આચાર્યા દ્વારા બાળકોને કાર્યક્રમની પ્રારંભિક માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં રેડ ગૃપ, યલો ગૃપ, ગ્રીન ગૃપ, ઓરેંજ ગૃપ અને બ્લ્યૂ ગૃપ જોડાયું હતું. કુલ આઠ રાઉન્ડમાં પાંચ-પાંચ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જેનું સંચાલન સુહાસ ચૌધરીએ કર્યું હતું. તેમની સાથે ભાવેશ પટેલે પણ કાર્યક્રમને સુયોગ્ય સંચાલિત કર્યો હતો. દરેક ગૃપના માર્કસ લખવાની કામગીરી સુખરામ ચૌધરીએ તટસ્થ રીતે સંભાળી હતી. સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ, રમત જગત અને સામાન્ય જ્ઞાનના પ્રશ્નોએ બાળકોને વિચારતા કરી દીધા હતા. સમગ્ર કાર્યક્રમ અતિરોમાંચક બની રહ્યો હતો. અંતે ગ્રીન ગૃપ સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ નંબરે વિજેતા બન્યું હતું. જેમને આમંત્રિત મહેમાન શ્રી થોમ્બાસરે અભિનંદન પાઠવ્યા હતા અને જીવનમાં વધુ આગળ વધવાની શુભેચ્છા પાઠવી હતી. બીજા નંબરે બ્લ્યૂ ગૃપ રહ્યુ ંહતું. ક્વીઝ કોમ્પિટીશનમાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને આચાર્યા મિલિસિંહે અભિનંદન પાઠવ્યા હતા.

## જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં આજે માતાઓને માર્ગદર્શન અપાશે

ગાંધીનગર, તા.૧૭

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના ઉપક્રમે શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં દીકરીઓના આરોગ્યની જાળવણી માટે માતાઓના માર્ગદર્શન માટેનો કાર્યક્રમ તા. ૧૮મી જુલાઈના સવારે સાડા આઠ વાગે યોજેલ છે. દીકરીઓના આરોગ્યની જાળવણી માટે માતાઓને માર્ગદર્શન માટેનો કાર્યક્રમ રાખેલ છે. જેમાં સમતોલ આહાર અને શારિરીક સ્વાસ્થ્ય તેમજ સામાજીક સ્વાસ્થ્યમાં સ્ત્રીઓની ચાવીરૂપ ભૂમિકા અંતર્ગત માતાઓને ડોકટરો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. ધો-૯ થી ૧૨માં અભ્યાસ કરતી દીકરીઓની માતાઓને ભાગ લેવા જણાવવામાં આવેલ છે.

# બિલોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વિશ્વ વસતિ દિન નિમિત્તે નવદંપતિ મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

વિશ્વ વસ્તી દિવસની ઉજવણી નિમિત્તે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરા ખાતે નવદંપતિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૬૦ જેટલા નવદંપતિઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ દંપતિઓની હેલ્થ ચેક-અપ કરવામાં આવ્યું હતું.

માણસા તાલુકામાં આવેલ બિલોદરા ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ વિશ્વ વસ્તી દિવસને લઈને જરૂરી માહિતી આપવામાં આવી હતી. મેળામાં ૬૦ નવદંપતિઓ જોડાયા હતા. સર્વે દંપતિઓનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બિલોદરા દ્વારા હિમોગ્લોબીન અને બ્લડ સૂગર તપાસવામાં આવ્યું હતું.

મેળામાં ઉપસ્થિત ડૉ. આનંદ બારોટે વિશ્વમાં વસ્તી વધારાની અસરો વિશે દશ્ય અને શ્રાવ્ય દ્વારા




પ્રેઝન્ટેશનથી માહિતી આપી હતી. તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર અજીતભાઈ જહાએ બેટી બચાવવા ઉપર ભાર મુકયો હતો. અને બેટીઓથી જ દુનિયા છે તેમ સમજાવ્યું હતું. બિલોદરા મેડિકલ ઓફિસર ડૉ. યોગિની વ્યાસે નવદંપતિઓને આરોગ્ય બાબતે જાણકારી આપી હતી. તેમજ કોપર-ટી, ગર્ભ નિરોધક ગોળીઓ અને કોન્ડોમનું નિદર્શન દ્વારા તમામને માહિતગાર કરવામાં આવ્યા હતા અને મેળામાં ઉપસ્થિત રહેવા બદલ ભેટ આપવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




આપણે છટ્ઠા ધોરણમાં આવી ગયા, પરંતુ આ ટેકનોલોજી ફેસબુક, વોટ્સએપથી આગળ વધતા જ નથી... ! કાંઇ થ્રીલીંગ નથી...!!

# સેક્ટર-૮ આદર્શ નિવાસી કન્યા શાળામાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૭

અનુસૂચિત જાતિ કલ્યાણ ગાંધીનગર સંચાલિત આદર્શનિવાસી કન્યા શાળા, સેક્ટર-૮ માં વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુંહતું.

શાળાની વિદ્યાર્થીઓમાં રહેલી કલાને ખિલવવા શાળા પરિવાર દ્વારા મહેંદી સ્પર્ધા, આરતી સુશોભન, રંગોળી અને કેશ ગુંથણ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મહેંદી સ્પર્ધામાં ૩૨, કેશગુંથણ સ્પર્ધામાં ૧૦, આરતી સુશોભનમાં ૨૩ અને રંગોળીમાં ૧૩ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી.

મહેંદી સ્પર્ધામાં નીલમ સોલંકી પ્રથમ, રજની પરમાર દ્વિતીય અને લીલા ડામોર તૃતીય, જ્યારે ભૂમિકા પરમાર અને ભૂમિકા વાઝાને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યા હતા. કેશ ગુંથણ સ્પર્ધામાં નીલમ તરાળ, પાયલ સોલંકી, દિપાલી ચાવડા અને ગીતા સોલંકી, આરતી સુશોભનમાં કિંજલ મકવાણા, દિપાલી ચાવડા, જ્યોતિ દુલેરા રંગોળી સ્પર્ધામાં દિપાલી ચાવડા, ગીતા સોલંકી, રાધા બારૈયાને ઈનામ આપવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ-૧૧ ની વિદ્યાર્થીનીઓ જલધારા સાધુ, જયશ્રી સોલંકી, ભગવતી રાઠોડ, નીલમ સોલંકી, દિપીકા ડાભી અને ભૂમિકા પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ નિર્ણાયક તરીકે આચાર્યા શ્રીમતી કુસુમબેન ચૌહાણે કરી હતી. તમામ વિદ્યાર્થીનીઓને આચાર્યા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં ફુટબોલ મહાસંગે કયા દેશની ટીમને આંતરરાષ્ટ્રીય પ્રતિસ્પર્ધામાંથી બહાર ધકેલી દીધી ?
➜ **નાઇજીરીયા**
૨. ૨૦૧૪ બ્રિક્સ શિખર સંમેલન કયા દેશમાં યોજાયું હતું ?
➜ **બ્રાઝિલ**
૩. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર મહિલા સદભાવના દૂત (UN Women Goodwill Ambassador) તરીકે કોની પસંદગી કરવામાં આવી હતી ?
➜ **એમ્મા વોટસન**
૪. ૨૦૧૪માં પ્રોફેસર ગ્રૈન વિલ ઓસ્ટીનનું નિધન થવા પામ્યું હતું તે કયાં દેશનાં સેનેટર હતા ?
➜ **અમેરિકા**
૫. ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુકાશ્મીરનાં કયા હાઇડ્રો પાવર પ્રોજક્ટને દેશને સમર્પિત કર્યો હતો ?
➜ **ઉરી-૨**
૬. ૨૦૧૪માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ કાશ્મીરમાં કઇ રેલવેલાઇનનો પ્રારંભ કરાવ્યો હતો ?
➜ **કટરા-ઉધમપુર રેલવેલાઇન**
૭. ૨૦૧૪ અમેરિકા સૈન્ય સેવાનાં સર્વોચ્ચય પદ 'એડમીરલ તરીકે કઇ પ્રથમ મહિલાની નિયુક્તિ કરવામાં આવી છે' ?
➜ **મિશેલ હાવર્ડ**
૮. તાજેતરમાં દેશની પ્રથમ સેમીબુલેટ ટ્રેનનું કયા બે શહેર વચ્ચે પરીક્ષણના ભાગરૂપે દોડાવવામાં આવી હતી?
➜ **દિલ્હી અને આગ્રા**
૯. ૨૦૧૪માં અમેરિકાના ફેડરલ ન્યાયાધીશ તરીકે કોમી નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **ઇન્દિરા તલવાની**
૧૦. આંતરરાષ્ટ્રીય બિઝનેશ ઓફ ધ ઇયર-૨૦૧૪નો ખિતાબ કોને એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **લોર્ડ સ્વરાજ પોલ**
૧૧. ૨૦૧૪માં યુનાઇટેડ કિંડ્ગમની સુપર રિચલીસ્ટમાં કોને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે?
➜ **હિન્દુજા ભાઇઓ**
૧૨. ૨૦૧૪માં વૈજ્ઞાનિકોએ HD-162826 ની ખોજ કરી છે તે શું છે?
➜ **સૂર્યનાં બરાબરનો તારો**
૧૩. તાજેતરમાં નિધન પામનાર ઇસ્માઇલ સુલેમાન કયા ક્ષેત્ર સાથે સંકળાયેલાં હતા?
➜ **શિલ્પકલા**
૧૪. ૨૦૧૪માં રાષ્ટ્રીય ક્રિકેટ અકાદમીના નિર્દેશક પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **બ્રિજેશ પટેલ**
૧૫. ૨૦૧૪માં ચીન અને વિયેતનામ દેશ વચ્ચે કયા દ્વિપ (ટાપુ) ને લઇ વિવાદ ચાલી રહ્યો છે?
➜ **પાંસેલ દ્વિપ**
૧૬. ૨૦૧૪માં કઇ ભારતીય ડોક્યુમેન્ટ્રીએ ન્યૂયોર્ક ફિલ્મ ફેસ્ટીવલમાં ત્રણ પુરસ્કારો જીત્યા હતા?
➜ **સાઇલેન્ટ સ્કીમ**
૧૭. ૨૦૧૪માં વિશ્વના કયા દેશ દ્વારા હત્ફ-૩ મિસાઇલનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું?
➜ **પાકિસ્તાન**
૧૮. ૨૦૧૪માં નાચવાવાળા દેડકાઓની પ્રથમ પ્રજાતિ કયા ક્ષેત્રમાંથી મળી આવી છે?
➜ **વેસ્ટર્ન ઘાટી**
૧૯. ૨૦૧૪માં બ્રાઝિલમાં મળેલી બ્રિક્સ દેશોની મળેલી શિખર બેઠકમાં કયા-કયા દેશોએ ભાગ લીધો હતો?
➜ **ભારત, બ્રાઝિલ, રશિયા, ચીન, દ.આફ્રિકા**
૨૦. વર્ષ ૨૦૧૪માં ભારત દ્વારા કયા વ્યક્તિની યાદમાં ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે ?
➜ **જગજીતસિંહ**

# વ્યક્તિ સ્વાતંત્ર્યની કયાં ના છે...? પણ કંઇક તો સમાજનું બંધન સ્વીકારો..?

**સમાજ ચિંતન**
પોપટલાલ પ્રજાપતિ

સમય હંમેશાં ગતિશીલ રહ્યો છે, એની ગતિમાં કયારેય રૂકાવટ આવતી નથી. આંખ બંધ હોય અને ખુલે તેટલામાં સમય ઘણો બદલાઈ જાય. માન્યતાઓ બદલાય, વિચારધારા બદલાય, લાગણી અને સંબંધોની વ્યાખ્યાઓ બદલાય, જગતમાં કંઇ જ શાશ્વત નથી બધુય પરીવર્તનશીલ છે, તો પછી સમયાંતરે સમાજ પણ બદલયા તેમાં શી નવાઈ? એક જમાનામાં વિધવા કે વિધુર ફરી લગ્નનો વિચાર કરતાંય સમાજથી ડરતો. સમાજ શું કહેશે? અને તેમાંય ૫૦ વર્ષ પછી લગ્નની વાત કરનાર સામે સમાજ કતરારી નજરે જોતો, એના ચારિત્ર્ય સામે આંગળી ચિંધારી પણ સમયના બદલાવ સાથે સમાજ ઉદાર બનતો ગયો. હવે તો કયારેક દીકરા કે દીકરી જાતે જ એકલતા ભોગવતા વડીલ માટે જીવનસાથી શોધી આપવાનું કામ કરે છે, અને આમ વિધવા કે વિધુરની એકલતામાં કોઇનો સથવારો મળી રહે છે. પણ કયારેક વડીલો ઉંમરનો ખ્યાલ રાખ્યા સિવાય એમનાંથી અડધી ઉંમરની સ્ત્રી સાથે લગ્ન કરે ત્યારે સમાજનાં ભવાં ખેંચાય છે અને કયાંક આવા પ્રસંગો પરીવારમાં રોષ પણ પ્રગટે છે.

એક ૬૮ વર્ષનાં દાદાજીનો સુખી અને સંપન્ન પરિવાર હતો પત્નીનું હૃદયરોગના કારણે અવસાન થતાં દાદાજીને જીવનમાં શુન્યાવકાશ લાગવા માંડ્યો. જીંદગીની પાછલી ઉંમરે ખાલીપો અનુભવતા દાદાજીને એક પળે વિચાર આવ્યો કે મારે બીજા લગ્ન કરવા જોઈએ, તેમને પરિવારમાં આ વિચાર વ્યક્ત કર્યો અને પરિવારમાં હાહાકાર થયો. દાદાજી, આટલી ઉંમરે તમને આ શું સુઝ્યું? ઘરમાં દીકરા, દીકરીઓ, પુત્રવધુઓ અને પૌત્રો હોય ત્યાં દાદા વરરાજા બનવાનું વિચારે તો બધાને અજુગતું લાગવા માંડ્યું પણ દાદાજીની જીદ આગળ સૌએ નમતું જોખ્યું અને લગ્ન કરવાની સૌએ સંમતી આપી. પણ દાદાજીએ જે પાત્ર શોધ્યું તેનાથી પરિવારમાં ફરી ભૂકંપ સર્જાયો કારણ કે તેમનો એક દીકરો ૫૦ વર્ષનો હતો અને નવી આવનાર મમ્મી ૪૦ વર્ષની હતી. દીકરાો નાની ઉંમરની મમ્મીનો સ્વીકાર કઇ રીતે કરે? સૌએ દાદાજીને સમજાવ્યા... દાદા, પાત્ર તમારા સમકક્ષ હોય તો અમને કોઈ વાંધો નથી. પણ તમારી દીકરીના ઉંમરની મમ્મી ??? ...અમને આ સ્વીકાર્ય નથી. પણ દાદાજીને પરણવાં ઉપડેલાં અને કોઈને પણ પુછ્યા વિનાં દાદાજીએ તે યુવતી સાથે કોર્ટ મેરેજ પણ કરી નાખ્યા. સૌના હાથ હેઠા પડ્યા. અને સૌએ નક્કી કર્યું કે નવી મમ્મી સાથે બોલવાનોય વહેવાર ન રાખ્યો... સમય સાથે માનવીની વિચારધારા પણ બદલાઈ છે. લોકો પોતાની માન્યતાઓમાં ઘણી બાંધછોડ કરતા થયા છે પણ એમાં વિવેકભાન કે મર્યાદા ન જળવાય તો સમાજ આવી ગુસ્તાખી સહન કરતો નથી. સૌને લાગતું હતું કે ૪૦ વર્ષની યુવતી ૬૮ વર્ષના વડીલ સાથે પરણે તેમાં પ્રેમ પણ નથી કે વાસના પણ નથી, ફક્ત દૌલત પ્રત્યેનું આકર્ષણ છે. ઘરડે ઘડપણ જવાનીનો રંગ ચઢે પછી લોકો પ્રમાણભાન ભૂલે છે અને સૌને ચર્ચાનો એક મુદ્દો મળી રહે છે. દાદાજી બિન્દાસ રીતે નવી પત્ની લાવી વિશાળ બંગલામાં જુદા રહેવા લાગ્યા. પ્રશ્ન એ થાય છે કે આવા પ્રેમલગ્નનો અસ્વીકાર એ સમાજની કંગાળ વિચારધારા કહી શકાય? સમાજ હજુ પછાત છે એમ કહી શકાય? કેટલાય પ્રસંગોમાં દીકરા કે દીકરી જાતે જ પપ્પા માટે નવી મમ્મી લાવવાનું કામ કરતા હોય છે. સમાજ આધુનિક વિચારધારા સાથે કદમ મિલાવવા તૈયાર છે. યુવાનોને પણ આ સાથે કંઇ વાંધો હોતો નથી, પણ તેમાં મર્યાદાનો લોપ થાય ત્યારે આવી વિચારધારા સામે તેઓ બંડ પોકારે છે. આવો જ એક બીજો પ્રસંગ જેમાં દીકરા-દીકરીઓએ પિતાનાં પુનઃ લગ્ન સામે બંડ પોકારી પિતાનો સામાજિક બહિષ્કાર કર્યો છે. જો કે પિતા નિવૃત્ત જીવન ગાળતા હતા. દીકરા દીકરીઓ સૌ પોતપોતાના માળામાં ગોઠવાઈ ગયા હતા. પિતા શારીરિક રીતે અશક્ત હતા. પત્નીનો સાથ ગુમાવતાં તેમણે બીજી પત્ની સાથે કોર્ટ મેરેજ કર્યા. આમાં પણ ઉંમરનો વધુ પડતો તફાવત દીકરાઓને નડતો હોય કે નવી મમ્મી લાવવા સામે જ તિરસ્કાર હોય એવું બની શકે.

વર્તમાન સમયની બદલાતી તાસીર સમા આ પ્રસંગોનો સ્વીકાર કે અસ્વીકાર કરવાથી પરિસ્થિતિમાં કોઈ ફેર પડવાનો નથી. જીવનસંધ્યામાં જીવનનું મેઘધનુષ રચવાનો સૌને અધિકાર છે. જીવનની એકલતામાં કોઈનો લાગણીભર્યો સાથ મળી રહે તેવા પ્રયત્નો કરવાનો અધિકાર છે, પણ વ્યવહારિતા કે વાસ્તવિકતા અને મર્યાદાનો છડેચોક ભંગ થાય ત્યારે લોકોને

● અનુસંધાન પાના - ૭ પર